# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, જીલ્લો અમદાવાદ, ખાતે મહિલા કૃષિ દિવસ ઉજવાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ, જીલ્લો અમદાવાદ ખાતે તા ૦૧/૦૮/૨૦૧૭ થી ૧૪/૦૮/૨૦૧૭ દરમ્યાન "મહિલા સશક્તિકરણ પખવાડિયા" ની ઉજવણીના ભાગરૂપે તા ૦૬/૦૮/૨૦૧૭ના રોજ મહિલા કૃષિ દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં ૮૦ મહિલાઓ એ ભાગ લીધો. આ કાર્યક્રમમાં અતિથી વિષેશ તરીકે જીલ્લાના અગ્રણી સામાજીક કાર્યકર શ્રી રામભાઇ સિંધવે મહિલાઓના આર્થિક અને સામાજીક યોગદાન પર પ્રકાશ પાડ્યો અને મહિલાઓને દેશના વિકાસમાં ભાગીદાર બનવા હાકલ કરી. કેન્દ્રના વડા ડૉ.જે.કે.પટેલે કૃષિવિકાસમા મહિલાઓ કેવી રીતે વધુ સહભાગી થઇ શકે તે વિષે વ્યાખ્યાન આપ્યું. શ્રીમતી હિનાબેન પંડ્યા, તાલીમ અધિકારી ખેડૂત તાલીમ કેન્દ્ર અમદાવાદ એ રાજ્ય સરકારની વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી આપી. પશુપાલન વૈજ્ઞાનિક ડૉ.જે.એચ.પટેલે નફાકારક પશુપાલન દ્વારા મહિલાઓનો આર્થિક અને સામાજીક વિકાસ કેવી રીતે થઇ શકે તે ગુજરાતની આદર્શ પશુપાલન કરતી મહિલાઓની સફળ વાર્તાઓના માધ્યમથી કાર્યક્રમમાં ભાગ લેનાર મહિલાઓને અવગત કરાવી. ગૃહવિજ્ઞાન વૈજ્ઞાનિક ડૉ.જી.આર.જાડેજાએ બાળઉછેર, સ્વાસ્થ અને બાળકોની કારકીર્દી ઘડવામાં માતાઓની ભુમિકા પર પ્રકાશ પાડ્યો. બાગાયત વૈજ્ઞાનિક, ડૉ.પી.ડી.પટેલે બાગાયતી પાકો વિષેની સમજ આપી અને શ્રી જી.ડી.પટેલ, પાક સંરક્ષણ વૈજ્ઞાનિકશ્રી એ અનાજ સંગ્રહની પધ્ધતિઓ વિશે મહિલાઓને જ્ઞાન આપ્યુ. સદર કાર્યક્રમમાં આવેલ મહિલાઓએ ઉત્સાહથી ભાગ લીધો.


મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી




મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી
“ મહિલા કૃષિ દિવસ ”


મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી
૧ થી ૧૪ ઓગષ્ટ૨૦૧૭
“ મહિલા કૃષિ દિવસ ”


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
મહિલા સશક્તિકરણ પખવાડિયા ઉજવણી
“ મહિલા કૃષિ દિવસ ”